# તેજસ્વી તારક આચાર્યશ્રી નરેન્દ્રદેવજી

[ ૨૬ ]

'**જૈન**' પત્રના જે વાચક કેળવણી, રાષ્ટ્રીયતા અને વિદ્યોપાસનાના વિશાળ ક્ષેત્રથી સાવ દૂર હશે તેઓ જ આચાર્યશ્રી નરેન્દ્રદેવજીનું નામ અને કામ જાણતા ન હોય એમ કહીએ તો તે યોગ્ય જ ગણાશે. આચાર્યશ્રીનો સ્વર્ગવાસ તેમના વતનથી બહુ દૂર દક્ષિણ ભારતમાં થયો. એના સમાચાર વીજળી વેગે ક્ષણમાત્રમાં સર્વત્ર પહોંચી ગયા. જેણે જેણે એ સમાચાર સાંભળ્યા અને જે તેમને થોડે ઘણે અંશે જાણતા અને ખાસ કરીને જે તેમના કાર્ય અને વ્યક્તિત્વથી પ્રત્યક્ષ પરિચિત હતા તે બધાએ એ સમાચારથી એવો ઊંડો આંચકો અનુભવ્યો છે કે જે નિકટના સ્વજનના વિયોગથી પણ ભાગ્યે જ અનુભવાય.

હું મારી વાત કહું તો કહી શકું કે એમના મૃત્યુસમાચારથી હું ક્ષણભર અવાક્ અને આભો બની ગયો. આજે દેશભરનાં તમામ છાપાંઓમાં અને સાર્વજનિક સ્થળોમાં તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પાઈ રહી છે. રાષ્ટ્રપતિ, શ્રી નહેરુ વગેરે તમામ રાષ્ટ્રપુરુષો અને વિદ્વાનો ઊંડો આઘાત અનુભવી રહ્યા છે. જે જન્મે છે તે મરે છે. આચાર્યશ્રીનું મૃત્યુ એ જ નિયમને આધીન છે, તો એ સૌમાં આવો આઘાત પેદા કેમ કરે છે?—એ સવાલ છે. એનો ઉત્તર તેમની વિશાળ માનવતા અને કારકિર્દીમાંથી મળી રહે છે. આ સ્થળે એમના સીધા પરિચયમાંથી કેટલાંક સ્મરણો નોંધું તો એમના વ્યક્તિત્વનો કાંઈક ખ્યાલ વાંચકોને આવી શકશે.

આચાર્યશ્રી વકીલાત કરતા. ગાંધીજીની હાકલે જેમ બીજા અનેક વિશિષ્ટ પુરુષોને સ્વાતંત્ર્યના જંગમાં આકર્ષ્યા તેમ આચાર્યશ્રીને પણ ખેંચ્યા. એમણે બધો જ ખાનગી વ્યવસાય તજી દેશ અને કેળવણી માટે ભેખ લીધો. કાશી વિદ્યાપીઠ, જે રાષ્ટ્રીય સ્વાતંત્ર્યયુદ્ધનું એક ફળ છે તેમાં એ જોડાયા. તેઓ જેમ અધ્યાપક હતા તેમ વક્તા અને લેખક પણ. હું પહેલવહેલાં એમના હિંદી 'સ્વાર્થ' માસિકમાં અને બીજા પત્રોમાં પ્રસિદ્ધ થતાં લખાણોથી પરિચિત થયો. તેઓ તત્ત્વજ્ઞાન વિશે, ખાસ કરીને બૌદ્ધ પરંપરાને આશ્રયી લખતા. તેઓ શ્રી રાહુલ સાંકૃત્યાયનને દેશવિદેશની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિદ્યાયાત્રામાં બધી રીતે પ્રોત્સાહન આપતા, પણ તેઓ શુષ્ક તત્ત્વજ્ઞ ન હતા. તેઓ અર્થશાસ્ત્રના અભ્યાસી હતા. એમ યાદ આવે છે કે આર્થિક કોઈ સમસ્યા પરત્વે એમનો હિંદી લેખ મેં સાંભળેલો ને હું વિશેષ મુગ્ધ બની ગયેલો. દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠમાં એક સંમેલનમાં તેઓ પધાર્યા હતા. કાકાસાહેબે તેમનું ઓળખાણ આપતાં એ કહ્યાનું યાદ છે કે આચાર્યજીની ઓળખાણ માટે એમની 'સ્વાર્થ' માસિકમાં લખેલી આર્થિક સમસ્યા ઉપરની નોંધ જ પૂરતી છે. આ વખતે હું ગૂજરાત પુરાતત્ત્વ મંદિરમાં અને વિદ્યાપીઠમાં જ હતો. એમની સાથે પ્રત્યક્ષ સંપર્ક સધાયો. તેઓ ગુજરાતી ત્રૈમાસિક 'પુરાતત્ત્વ'માં છપાતા મારા લેખો વાંચતા હશે એ તો મારી કલ્પનામાંય ન હતું, પણ જ્યારે એ જાણ્યું ત્યારે તેમની સંશોધક બુદ્ધિ પ્રત્યે વિશેષ આદર ઉપજ્યો. આ આદરને લીધે વધારે પ્રત્યક્ષ સંસર્ગમાં આવવાની દૃષ્ટિએ હું કલકત્તાથી પાછા ફરતાં પહેલી જ વાર કાશી વિદ્યાપીઠમાં તેમનો મહેમાન થયો, જ્યારે સાથે જમવા બેઠા ત્યારે ત્યાંનું અધ્યાપકમંડળ, વિદ્યાર્થીમંડળ અને ભોજનની સાદગી ઇત્યાદિ વાતાવરણ જોઈ મને એક ઋષિ–આશ્રમનો અનુભવ થયો. રહ્યો ત્યાં લગી માત્ર વિદ્યા અને સંશોધનની જ ચર્ચા. એમણે એ પણ કહ્યું કે અમે ત્રૈમાસિક ગુજરાતી 'પુરાતત્ત્વ'ની જેમ એક સંશોધનપત્ર પણ કાઢવા વિચારીએ છીએ. ઇત્યાદિ. અધ્યાપક ધર્માનન્દ કૌશાંબીજી આચાર્યજીની ઉદારતા અને નિખાલસતાને લીધે એટલા બધા આકર્ષાયેલા કે જ્યારે અમદાવાદ અને મુંબઈ છોડ્યું ત્યારે એમણે કાશી વિદ્યાપીઠમાં રહેવાનું પસંદ કર્યું.

૧૯૩૪ના લગભગ સપ્ટેંબર માસમાં એક પ્રસંગ આવતાં મેં કાશી વિદ્યાપીઠમાં આચાર્યજીને ત્યાં રાતવાસો રહેવાનું નક્કી કર્યું. તેમને જાણ કરી જ્યારે તેમના મકાને હું ગયો ત્યારે સાંજ હતી. એમણે જમવા, સૂવા આદિની વ્યવસ્થા તો કરી જ, પણ ચર્ચા–વિચારણામાં એટલો બધો સમય આપ્યો કે હું તેમના સહજ વિદ્યાપ્રેમ અને સૌજન્યથી જિતાઈ ગયો. એક વાર પજૂસણનો પ્રસંગ આવ્યો. હિન્દુ યુનિવર્સિટીના જૈન વિદ્યાર્થીઓએ આપમેળે અમદાવાદ–મુંબઈની પેઠે વ્યાખ્યાનમાળા ચલાવવા ઠરાવ્યું. કોને કોને આમંત્રવા એ પ્રશ્ન મારી સામે હતો. જેમ બાબુ શ્રીપ્રકાશજી (મદ્રાસના અત્યારના ગવર્નર)ને આમંત્ર્યા તેમ આચાર્યજીને પણ. આચાર્યજીએ નાદુરસ્ત તબિયતે પણ આવીને હિંદીમાં એક ભાષણ આપ્યું. ઘણું કરી એ વિષય હતો સમાજવાદ યા સામ્યવાદ. એમણે ઐતિહાસિક દૃષ્ટિએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિષયની એટલી બધી છણાવટપૂર્વક સ્પષ્ટ ચર્ચા કરી કે શ્રોતાઓ ધન્યતા અનુભવવા લાગ્યા. એ વખતે ડૉ. આનન્દશંકર ધ્રુવજી પણ કાશીમાં જ હતા. આમ એમનો પરિચય વધારે ઊંડો થતો ચાલ્યો.

આચાર્યજી જ્યારે પ્રસંગ આવતો ત્યારે જેલના મહેમાન થતા. 'ભારત છોડો' ની ગર્જના થઈ અને જેલો ભરાવા લાગી. આચાર્યજી કાંઈ પાછા થોડા જ રહે? પણ જેલમાં તેઓ જતા ત્યારે એક ઉગ્ર તપ કરતા. એમનું તપ એટલે નવું નવું અધ્યયન અને લેખન. એક વાર મુંબઈ ભારતીય વિદ્યાભવનમાં હું બેઠેલ. શ્રી એન. સી. મહેતા હતા; ત્યાં તો આચાર્યજી અચાનક આવી પહોંચ્યા. હું એમના દમના વ્યાધિ વિશે અને જેલમાં કેમ રહ્યું એ વિશે પૂછું તે પહેલાં તો એમણે જેલમાં પોતે કરેલ સાધનાની વાત કાઢી. મને કહે કે વસુબન્ધુના 'અભિધર્મકોશ' નું મારે ભાષાન્તર કરવું હતું. પહેલાં તો હું જેલમાં ફ્રેન્ચ શીખ્યો. ફ્રેન્ચ ઉપરથી અંગ્રેજી અને હિંદી તરજૂમો કર્યો. ઘણું કરી સાથે લાવેલ. એ હિંદી તરજૂમાની મોટી મોટી દળદાર કૉપીઓ મને બતાવી. એમની આ સાધના સાંભળી હું તો છક થઈ ગયો. જ્યારે આચાર્યજી આવી દાર્શનિક અને બીજી વિદ્યાઓની ઉપાસના કરતા ત્યારે પણ એમનું વ્યવહારુ રાજકારણ ચાલતું જ હોય. પણ એમની વિશેષતા એ હતી કે તેઓ રાજકારણી જૂથાણાથી અલિપ્ત હતા.

આચાર્યજી લખનૌ યુનિવર્સિટીમાં ઉપકુળપતિ હતા. ત્યાં ઓરિએન્ટલ કૉન્ફરન્સ ભરાઈ. લખનૌ વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં જ અમારો ઉતારો. અનેક જવાબદારીઓ અને નાદુરસ્ત તબિયત, છતાં મારા જેવા સાધારણ માણસને આમ કાંઈક જતાં-આવતાં જોઈ લે તો પકડી પાડે. એક વાર તેઓ પોતાના મકાને લઈ ગયા અને અનેક હિંદુ-મુસલમાન સાક્ષર-ગૃહસ્થો સાથે પરિચય પણ કરાવ્યો. વિદાય થતી વખતે અમને કહે કે હું તમારી બધાની ખબર લઈ શક્યો નથી. ત્યાં મહેમાનો માટે વ્યવસ્થા તો એટલી બધી સારી હતી કે અમે એવી ધારણા પણ નહિ રાખેલી. પણ હવે પરિચયનો છેલ્લો અધ્યાય આવે છે.

હું વૈશાલીથી પાછો ફરી કાશીમાં આવી રહ્યો. સખત ઉનાળો હતો. આચાર્યજી તે વખતે હિંદુ યુનિવર્સિટીમાં ઉપકુળપતિ. આમ તો બધા જ ઉપકુળપતિઓ દુર્દર્શન અને દુઃસમાગમ હોય છે, પણ આચાર્યજી વિશે દરેક એમ જ માનતું કે એમને મળવું એ તો ઘરની વાત છે. એ હતા

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

અજાતશત્રુ અને ફકીરી વૃત્તિના વિદ્યા–તપસ્વી. એમને જાણ થઈ કે હું અમુક જગ્યાએ છું. હજી તો હું એમને ત્યાં જવાનો, ખાસ કરી પ્રથમથી સૂચના આપી જવાનો, વિચાર જ કરતો હતો ત્યાં તો તેઓશ્રી પં. શ્રી દલસુખ માલવણિયાના મકાને આવી પહોંચ્યા. મેં ખરા હૃદયથી કહ્યું કે હું આવવાનો જ હતો, પણ એ તો વિનય અને વિદ્યામૂર્તિ. હું રહ્યો એટલા દિવસમાં કેટલીયવાર આવી ગયા. તેમની સાથે બીજા પંડિતો અને પ્રોફેસરો હોય જ. આ બધી વખતે ચર્ચા શાસ્ત્ર અને વિદ્યાની જ થાય. એમણે શું શું લખ્યું છે, શું લખવા અને છપાવવા ધારે છે ઇત્યાદિ તો કહે જ, પણ આપણે કાંઈ નવી અને જ્ઞાતવ્ય વાત કહીએ તો ધ્યાન દઈ સાંભળે. એમને બૌદ્ધ વિષય ઉપર કાંઇક છપાવવાનું હતું. પોથી જૂની અને લિપિ દુષ્પડ. જ્યારે મેં કહ્યું કે આ બધી બાબતમાં તમારી પાસે જ રત્ન પડ્યું છે, ત્યારે આચાર્યજીએ જાણ્યું કે હું શ્રી માલવણિયાજી વિશે સંકેત કરી રહ્યો હતો. ત્યારબાદ એમણે પં. શ્રી દલસુખભાઈ ઉપર અનન્ય વિશ્વાસ મૂક્યો અને તેમને અનુભવ થયો કે તેમનો વિશ્વાસ કેટલો સાચો ઠર્યો છે. આચાર્યજીએ જ અધ્યાપક પદ્મનાભ જૈનને અમદાવાદથી કાશીમાં આકર્ષ્યા હતા અને પોતાનાં છપાતાં બૌદ્ધ લખાણોની પૂર્તિ અને શુદ્ધિ કરવાનું કામ તેમને જ ભળાવ્યું હતું, એમ મારું સ્મરણ છે.

આચાર્યજીએ ત્યાગનું જે ઉદાહરણ બતાવ્યું છે તે તો ઓર રોમાંચક છે. એમને મળતા માસિક વેતનમાંથી કુટુંબ માટે બહુ થોડો ભાગ બચતો, એમ તેમના સમીપ રહેતા એક વિશ્વાસી મિત્રે મને તે વખતે જ કહેલું.

આવો એક મહામના વિદ્યાવૃદ્ધ અજાતશત્રુ પુરુષ સ્થૂળ જીવનને સંકેલી લે ત્યારે એની ખોટ એ રાષ્ટ્રીય ખોટ છે. ગાંધીજીએ પોતાના આધ્યાત્મિક તેજથી જે ગ્રહો અને ઉપગ્રહોમાં તેજ પાથર્યું હતું એવા એક વિશિષ્ટ તેજસ્વી તારકનો અસ્ત થાય ત્યારે દેશ આઘાત અનુભવે એ સહજ છે. આપણે આચાર્યજીના ગુણોનું અને એમની નિઃસ્વાર્થ પ્રવૃત્તિનું અનુસરણ કરીને જ તેમનું ખરું સ્મરણ કરી શકીએ.

'જૈન' તા. ૨૫–૨–૧૯૫૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org